# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧
ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં./મા-૨/કેમ્પ/૨૦૨૫/ 12852

તા. ૦૮/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત

વિષય :- ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીના નામ,અટક,જાતિ,જન્મતારીખ,જન્મ સ્થળ, પિતાના નામમાં સુધારો કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપની શાળામાં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની નામ, અટક, જાતિ, જન્મતારીખ, જન્મ સ્થળ પિતાનાં નામમાં ફેરફાર/સુધારો કરવા અંગે કેમ્પ **તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ શ્રી સુરત ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઇસ્કૂલ,વરાછા રોડ, સુરત, જિ. સુરત ખાતે સવારે ૧૦-૩૦ થી ૧૪-૦૦ કલાકે** વિદ્યાર્થી/વિદ્યાર્થિનીના નામ,અટક,જાતિ,જન્મ તારીખનાં શાળાઓ તરફથી રજૂ કરવામાં આવતાં કેસોની સ્થળ પર ચકાસણી કરી સ્થળ પર મજૂરી આપવા સ્થળ પર મંજૂરી શકય હોય ત્યાં સુધી ચકાસણી કરી કચેરી આદેશ આપવામાં આવશે. કેમ્પના સ્થળે રજીસ્ટ્રેશન કરવું તેમજ કેમ્પનાં સમયપત્રકંનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોંધ :-

- નામ/અટક/જાતિ/જન્મતારીખ વગેરેમાં સુધારા કરવાની તમામ દરખાસ્તમાં વિદ્યાર્થીઓન વિદ્યાર્થીઓનું જન્મ પ્રમાણપત્ર પ્રમાણિત કરી ફરજિયાત મુકવાનું રહેશે.
- **ધોરણ ૧૦ અને ૧૨ની અલગ ફાઇલ (ધોરણ ૧૦ અને ૧૨ના સુધારા બાબતે અગતા આપવી) અને ધોરણ ૯ અને ૧૧ની અલગ ફાઇલ બનાવવાની રહેશે.**
- **File -1** કુમાર/ભાઈ, બહેન/કુમારી અને નામ જેવા કેસ
- **File 2 -** માત્ર માતાના નામમાં સુધારો કે નામ દાખલ કરવાનાં કેસ
- **File 3** માત્ર જાતિ સુધારાની ફાઈલ
- **File 4** -માત્ર જન્મ તારીખ સુધારા
- **File 5 -** માત્ર દત્તક વિધાન દ્વારા નામ સુધારા કેસ
- **File 6 -** એક વિધાથીને 2 થી 3 વિવિધ બાબતોનો સુધારો કરવાનો હોઇ દા.ત.- તરીકે એક જ વિધાર્થીનું નામ, જાતિ અને માતાના નામમા સુધારો

જે-તે કેસના આધારો પરિપત્ર મુજબ તૈયાર કરવા
ફાઈલ ઉપર શાળાનું નામ અને કયા પ્રકારના કેસ છે તેની વિગતો લખવી

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો -સુરત

## સુધારેલ પરિપત્ર

**સાદર રજૂ : -**

..............................................................

ધોરણઃ.............માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીની શ્રી.............................................................. શાળા તાલુકોઃ......................,જિલ્લોઃ-સુરત. શાળામાં જી.આર.ની નોંધમાં નીચેની વિગતે સુધારો કરવા માટે શાળાએ તેમનાં તા.............................................................નાં નાં પત્રથી દરખાસ્ત કરેલ છે. **સુધારાની વિગત : -** ( દા.ત. નામ,અટક,જન્મતારીખ,પિતાનું નામ,જાતિ વગેરે ) ...:................................................

**શાળાનાં જી.આર.ની હાલની નોંધ**

................................................

**સૂચિત સુધારેલી નોંધ**

................................................

શાળાએ રજૂ કરેલ દરખાસ્તમાં નામ/અટક/જાતિ બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ તથા સૂચિત સુધારા માટે વિદ્યાર્થીનાં વાલીએ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ / નોટરી સમક્ષ કરેલ અસલ સોગંદનામું રજૂ કરેલ છે. આ ઉપરાંત દરખાસ્ત સાથે નીચેનાં આધારો રજૂ કરેલ છે.(**A To J**) પૈકી લાગુ પડતી બાબત સામે (✓) ની નિશાની કરવી. (સૂચિત સુધારા માટે વિદ્યાર્થીનો જન્મદાખલો અને પિતાનાં એલ.સી.ની નકલ.)

**A વિદ્યાર્થી નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧. જન્મરજીસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો (જન્મ પ્રમાણપત્ર) અથવા કોર્ટનો હુકમ

**B વિદ્યાર્થીના અટકમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
૨.વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ

**C વિદ્યાર્થીના જાતિમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧.વિદ્યાર્થીના પિતાનાં એલ.સી./જાતિ પ્રમાણપત્રની નકલ અથવા કાકા,ભાઇ,બહેનનાં એલ.સી./જાતિ પ્રમાણપત્રની નકલ,જે તે સંબંધનો પેઢીનામું અને સોગંદનામા સંબંધોનો ઉલ્લેખ કરવાનો રહેશે.
૨.વિદ્યાર્થીનો જન્મનો દાખલો
૩.વિદ્યાર્થીના પિતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની નકલ (લાગુ પડે તે વ્યકિતઓએ)

**D વિદ્યાર્થીના જન્મ તારીખમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો,**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
૨. ધોરણ-૧ માં પ્રવેશ વખતે લખાવેલ જન્મ તારીખનો આધાર સંબંધિત શાળા પાસેથી મેળવી રજૂ કરવો.
૩.ધોરણ-૧ થી જન્મ તારીખ સુધારા માટે દરખાસ્ત રજૂ કર્યાનાં વર્ષ સુધીમાં અભ્યાસ દરમ્યાન નાપાસ થયેલ નથી તેવુ આચાર્યનું પ્રમાણપત્ર.
૪. વિદ્યાર્થીના ધોરણ ૧ થી અત્યાર સુધીનાં તમામ પરિણામોની પ્રમાણિત નકલ.

**E વિદ્યાર્થીના પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર
૨. વિદ્યાર્થીના પિતાનું એલ.સી.ની નકલ
૩. કોર્ટનો હુકમ

**F વિદ્યાર્થીના પિતાના નામને બદલે માતાનું નામ સુધારો કરવા રજૂ કરેલ આધારો.**

૧. માતાની એલ.સી/માતાનો જન્મનું પ્રમાણપત્ર/સિવિલ કોર્ટનો હુકમ/રાજપત્રમાં માતાનું નામ દાખલ થયાનો આધાર/લગ્ન નોંધણી પ્રમાણપત્ર
૨.માતાનું આધારકાર્ડ/કાયમી ખાતા નંબર (**PAN**) કાર્ડ, /જાતિ (**caste**) પ્રમાણપત્ર/બેંક પાસબુક

**G દત્તકવિધાન કેસમાં પિતાના નામમા સુધારો કરવાના આધારો.**

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર
૨.સબરજીસ્ટર દ્વારા નોંધાયેલ દત્તક વિધાન
૩.પરસ્પર વાલીઓની સંમતિ. (સોગંધનામાં સંમતિ)
૪.આગલા પિતા હયાત ન હોય તો તેનો મરણનો દાખલો
૫.રીમેરેજ કિસ્સામાં કોર્ટનો હુકમ
૬.છુટાછેડાનો કોર્ટનો હુકમ

**H વિદ્યાર્થીના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા.**

૧.વિદ્યાર્થીનો જન્મનું પ્રમાણપત્ર
૨.પિતાના અવસાનનો દાખલો
૩.છૂટા છેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ
૪.પિતા હયાત હોય તો તેની સંમતિ (સોગંધનામા સ્વરૂપે)
૫.અન્ય કારણો હોય તો તેના આધારો

ક્રમ નં **A/B/C/D/E/F/G/H** પેટા ક્રમ ૧,૨,૩,૪ ના આધારો રજૂ કરેલ છે. આધારો નિયમાનુસાર હોઇ વિદ્યાર્થીનું નામ/અટક/જાતિ/જન્મ તારીખ/પિતાનું નામમા/માતાના નામમાં સુધારો કરી શકાય તેમ છે. જે યોગ્ય નિર્ણય અર્થે રજુ કરવામાં આવે છે. તેમ છતાં આદેશાર્થે.

ઉકત આધારોની ચકાસણી કરતા શાળાની દરખાસ્ત મુજબ વિદ્યાર્થીના જી.આર.ની નોંધમાં ........................... સુધારા માટે આદેશ સારૂ.

સિ.કલાર્ક | હેડ કલાર્ક | વહીવટી.અધિકારી | શિ.નિ.

મંજુર/ ના મંજુર

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૫/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.       /૧૧/૨૦૨૫

**વંચાણે લીધા:-**

૧.શાળાનાં પત્ર નં................તારીખ:- ..............
૨.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૩.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૪.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.નં...............તારીખ: ................નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામું.
વિદ્યાર્થીનું નામ:..............................................ધોરણ: ...........

**કચેરી આદેશ:-**

આથી..............................................શાળાના ધોરણ:.........માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની............................................જી. આર. નંબર:.............પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જૂની નોંધ:** ..................ને બદલે **નવી નોંધ :** ......................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને,વાલીને તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.

**(આ આદેશ કમ્પ્યુટરરાઇજ રજૂ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.)**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.......... .......... .......... ..........
................................

જા.નં/મા-૨/આદેશ/૨૦૨૫/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લોક નં. ૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.     /૧૧/૨૦૨૫

<u>વંચાણે લીધા:-</u>

૧.શાળાનાં પત્ર નં................તારીખ:- ૨૨/૦૮/૨૦૨૫
૨.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨
૨.ગ્રાન્ટ ઇન એઇટ કોડ ૧૯૬૪
૪. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૫..જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી/એકઝી. મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રાર/નોટરીનાં
રજી.નં.૨૭૭/૨૫ તારીખ: ૦૧/૦૭/૨૦૨૫નાં રોજ કરેલ કોર્ટનો હુકમ/સોગંદનામું.
વિદ્યાર્થીનું નામ:...............................................ધોરણ: ...........

<u>કચેરી આદેશ:-</u>

આથી...............................................શાળાના ધોરણ:.........માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થિની............................................... જી. આર. નંબર:.............પર નોંધાયેલ છે. જેમનાં વયપત્રકની નોંધમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ તરીકે **જુની નોંધ:** ..................ને બદલે **નવી નોંધ :** .....................નો ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. સુધારેલ વિગત શાળા દફતરે ફેરફાર કરી વિદ્યાર્થીને, વાલીને તેમજ સબંધિત તમામ પક્ષકારોને શાળા કક્ષાએથી જાણ કરવાની રહેશે.
**<u>(આ આદેશ કમ્પ્યુટરરાઇજ રજૂ કરવો (ઝેરોક્ષમાં લખવું નહીં.)</u>**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

પ્રતિ,
(૧) આચાર્યશ્રી,
.......... .......... .......... ..........
................................
(૨) આચાર્યશ્રી,(ધોરણ-૧૦ની જાહેર પરીક્ષા આપેલ શાળાનું નામ, સરનામું.)
ધોરણ-૧૦ નો જી.આર.નંબર.:-....................., એલ.સી.નંબર:-.....................
શાળાનું નામ/સરનામું:- ........................................
.............................................

**નોંધ:-(ધોરણ-૧૦ પાસ કરેલ હોય, ધોરણ-૧૧ અથવા ૧૨માં અભ્યાસ કરતા હોય)**
**(સદર વિદ્યાર્થીની ધોરણ:-૧૦ની શાળા સુરત જિલ્લા સિવાયના અન્ય જિલ્લામાં હોય તો એક ઓર્ડરની નકલ કચેરીમાં જમાં કરાવવી.)**